## ધનસુરા સ્વામિનારાયણ મંદિર સહિત નગરમાં વિવિધ મંદિરોમાં કૃષ્ણ ભગવાનના જન્મોત્સવની ઉજવણી



ધનસુરામાં જન્માષ્ટમીના પર્વની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.ધનસુરા સ્વામિનારાયણ મંદિર સહિત નગર માં વિવિધ મંદિરો માં કૃષ્ણભગવાન ના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.૧૨ વાગે ભગવાનના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.સાથે ભગવાન ને પારણે જુલાવવામાં આવ્યા હતા.સાથે મંદિરો માં ભક્તો દર્શન માટે મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.અને મંદિરો "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી' ના નાદ સાથે ગૂંજી ઉઠ્યા હતા.ભક્તો એ મંદિર માં ભગવાનના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.ધનસુરા ના સ્વામિનારાયણ મંદિર માં મંદિરના પરેશ ભગતજી, મંદિર ના કોઠારી અને ભક્તજનોએ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ભવ્ય આયોજન કર્યું હતું.

## રૂપાલકંપામાં જન્માષ્ટમી ઉજવાઈ



હિંમતનગર તાલુકાના રૂપાલકંપાના અગ્રણીશ્રી વિઠ્ઠલભાઈ દેવજીભાઈ લીંબાણી તથા તેમના પુત્રો સર્વશ્રી હિંમતભાઈ લીંબાણી અને શૈલેષભાઈ લીંબાણીના મુખ્ય યજમાન પદે કૃષ્ણજન્મોત્સવ પ્રસંગનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાસ-ગરબા, મટકીફોડ, મહાઆરતી વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

## શામળાજી સર્વોદય આશ્રમ ચાર રસ્તા પર જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડનો વિશેષ કાર્યક્રમ યોજાયો



જન્માષ્ટમીના પાવન અવસરે શામળાજી સર્વોદય આશ્રમ ચાર રસ્તા ખાતે મટકીફોડનો કાર્યક્રમ ભિલોડા તાલુકા પંચાયત સદસ્ય અને આમ આદમી પાર્ટીના વિધાનસભાના સંગઠન મંત્રી રૂપસીભાઈ ભગોરાના નેતૃત્વ હેઠળ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો.૫૦૦થી વધુ ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રૂપસીભાઈ ભગોરા સાથે આમ આદમી પાર્ટીના લોકસભા પ્રમુખ ડી. બી.ડામોર,અરવલ્લી જીલ્લા પ્રમુખ અરવિંદભાઈ પરમાર,જિલ્લા મહા-મંત્રી ગીરીશભાઈ ઢુસા,જિલ્લા સંયુક્ત સચિવ પ્રેમસિંહ કચ્છાવા,વિધાનસભા સંગઠન મંત્રી મહેશભાઈ પરમાર,સહ સંગઠન મંત્રીઓ મહેશભાઈ મોડિયા,લક્ષ્મણભાઈ કટારા,દીપરાજ નિનામા સહિત આમ આદમી પાર્ટીના તમામ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ધનસુરા તાલુકામાં વિવિધ જગ્યાએ જન્માષ્ટમીના પર્વની ઉત્સાહ પૂર્વક ઉજવણી



ધનસુરામાં વિવિધ જગ્યાએ જન્માષ્ટમી ના પર્વ ની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરાઇ હતી."નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી"ના નાદ સાથે ધનસુરા નગર સહિત તાલુકામાં ઉત્સાહ પૂર્વક જન્માષ્ટમી ના પર્વ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.મંદિરો માં ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો સાથે વિવિધ જગ્યાએ મટકી ફોડ નો કાર્યક્રમ યોજાયો હતો.તથા ધનસુરા નગર માં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મટકી ફોડ નો કાર્યક્રમ યોજાયો હતો.સાથે નગર માં મેળો પણ ભરાયો હતો.ભગવાન શ્રીકૃષ્ણના જન્માષ્ટમીના પર્વની ધામધૂમ પૂર્વક અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને ભગવાનના મંદિરમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## પ્રાંતિજ શ્રી મદનમોહન લાલજી વૈષ્ણવ મંદિર ખાતે જન્માષ્ટમી પર્વ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી મદનમોહન લાલજી વૈષ્ણવ સંપ્રદાય ના મંદિર ખાતે દરવર્ષ ની જેમ આ વર્ષેપણ પવિત્ર જન્માષ્ટમી પર્વ અંતર્ગત મેળાવડાનુ આયોજન કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ બજાર ચોક દેસાઇ ની પોળ મા આવેલ શ્રી મદનમોહન લાલજી મંદિર સંકુલ માં જન્માષ્ટમી પર્વ અંતર્ગત મેળાવડાની ઉજવણી પ્રસંગે વૈષ્ણવ સમાજ ની બાલીકાઓએ તેમજ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુકરીને તેમનામા રહેલ અદ્ભુત શક્તિનો પરિચય કરાવ્યો હતો મંદિર ના ટ્રસ્ટી શરદભાઈ પરીખ ના માર્ગ દર્શન હેઠળ દર વર્ષે જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી ખુબજ ધામધૂમ થી કરવામા આવે છે બાળકોએ શ્રી કૃષ્ણ જન્મોત્સવ અંતર્ગત બાલગીતો લોકગીતો દેશ ભક્તિ ગીતો ભજન અને રાસ ગરબા ની રમઝટ જમાવીને ઉપસ્થિત સોવકોઇ ધર્મ પ્રેમી લોકો ને પ્રભાવિત કરી દીધા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી

### ઠેર ઠેર મટકી ફોડના કાર્યક્રમો યોજાયા : બંન્ને જિલ્લા કૃષ્ણ ઘેલા બન્યા : રાતના બારના ટકોરે નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી થી જિલ્લો ગુંજ્યો





બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૦

શુક્રવાર સવારથી બંન્ને જિલ્લામાં કૃષ્ણ જન્મોત્સવનો ભારે ઉત્સાહ જોવા મળ્યા પછી રાત્રિ સુધી ભક્તો કૃષ્ણ ઘેલા બની ગયા હતા. કૃષ્ણ જન્મોત્સવને રાતના ૧૨-૦૦ ના ટકોરે હર્ષથી વધાવી નંદઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. જિલ્લાના શામળાજીમાં વિષ્ણુ મંદિર, ખેડબ્રહ્માના રાધાસ્વામી મંદિર, ગઢડા શામળાજી મંદિર, ધનસુરા તાલુકાના આકરૂન્દમાં રામજી મંદિર સહિત ગામે ગામ કૃષ્ણ જન્મોત્સવને ગોકુળ મથુરા જેવું વાતાવરણ ઉભુ થયુ હતું સમી સાંજે ડી.જે.ના તાલે ગોવિંદાઓ માનવ પિરામીડ રચી મટકી ફોડના કાર્યક્રમ યોજ્યા હતા. શામળાજી મંદીરમાં કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે માનવસમુંન્દર રાત્રે ઉમટતાં દિવસજેવો માહોલ જોવા મળ્યો હતો પોલીસ ધ્વારા અનિચ્છનીય બનાવ રોકવા લોખંડી સુરક્ષા ઉભી કરવામાં આવી હતી બાયડ, ધનસુરા, મોડાસા, હિંમતનગર, ઈડર, ભિલોડા, વિજયનગર સહિતના તમામ વિસ્તારોમાં કૃષ્ણજન્મોત્સવ સમયે વરસાદે ઝાપટાં વરસાવી અમીછાંટણાં કરતાં કૃષણ ભક્તો હરખાઈ ઉઠ્યા હતા.

કૃષ્ણ ભકતોએ બાળ કનૈયાના વધામણા માટે અગાઉથી આગોતરી તૈયારીઓ કરી લીધા પછી તા.૧૯ ના રોજ જન્માષ્ટમી પર્વની ભવ્યતમ ઉજવણી કરી હતી. મધરાતે ભગવાનના જન્મ પછી કૃષ્ણ ભક્તોને પંજરીની પ્રસાદી આપી કૃષ્ણ જન્મનાં વધામણાં કરાયાં હતાં. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે મંદિરોને રોશનીથી શણગારાયાં હતાં અને બરાબર રાતના ૧૨-૦૦ના ટકોરે ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ કરાવાયો ત્યારે વાતાવરણ કૃષ્ણ ઘેલું બની ગયું હતું. તમામ વિસ્તારોમાં કૃષ્ણ ભકતોએ હર્ષોલ્લાસથી જન્માષ્ટમી પર્વની ઉજવણી કરી હતી. ઠેકઠેકાણે યુવાનોએ મટકી ફોડના કાર્યક્રમ આયોજીત કર્યા હતા તો કેટલાક મંદિરોમાં વિવિધ ભજન મંડળીઓએ રાતભર ભજનોની રમઝટ બોલાવી હતી. જ્યારે કેટલાક વિસ્તારોમાં કૃષ્ણ ભક્તોએ ફટાકડાની આતશબાજી કરી આગવી ઢબે બાળકનૈયાના જન્મને વધાવી લીધો હતો. શામળાજીમાં કૃષ્ણ જન્મોત્સવ સમયે મંદિર ભક્તજનોથી રીતસરનું ઉભરાઈ ગયું હતું અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસે લોખંડી સુરક્ષા ઉભી કરી હતી. આ પ્રસંગે કૃષ્ણ મંદિરોમાં વિશેષ આરતી, રાજભોગ, છપ્પનભોગ સહિત કૃષ્ણ લીલાના કાર્યક્રમો આયોજીત કરાયા હતા. બંન્ને જિલ્લાઓમાં કાનૂડાના જન્મને હર્ષથી વધાવી કૃષ્ણ ભક્તો ધન્ય બન્યા હતા. જ્યારે આ વખતે વરસાદે પણ સાર્વત્રિક હેત વરસાવતાં તેમજ કૃષ્ણ જન્મોત્સવ વખતે પણ વરસાદની હાજરીથી કૃષ્ણ જન્મોત્સવનો આનંદ બેવડાયો હતો.

## જય રણછોડ... માખણ ચોરના નારા ગુંજી ઉઠ્યા : ઈસ્કોન સંસ્થા મોડાસામાં પંચામૃતથી ભગવાન કૃષ્ણને અભિષેક કરાયો

### અરવલ્લી-સાબરકાંઠામાં કૃષ્ણજન્મોત્સવ ભાવપૂર્વક ઉજવાયો

મોડાસા, તા. ૨૦

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે વિવિધ સ્થળોએ તેમજ મંદિરોમાં જન્માષ્ટમી નું પર્વ ભારે ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી રાત્રી ના ૧૨ ના ટકોરે જન્મોત્સવ ની સાથે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના નાદથી બંને જિલ્લા નું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.યાત્રાધામ શામળાજી ખાતે જન્માષ્ટમી ની ઉજવણી માં વહેલી સવારથીજ ભક્તો દ્વારા ભગવાન શામળિયાના દર્શન કરી ભવ્યાતિભવ્ય ઉજવણી માં જોડાવવા હજ્જારો ની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.મોડાસા શહેરની ઈસ્કોન સંસ્થા દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી બંને જિલ્લામાં કેટલાક સ્થળો પરંપરાગત લોક મેળા ભરાતા માનવમહેરામણ ઉમટ્યું હતું. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કૃષ્ણજન્મોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવણીમાં પ્રજાજનો ભક્તિમાં લીન બની ગયા હતા અરવલ્લી ની ગિરિમાળાઓ વચ્ચે આવેલ રમણીય યાત્રાધામ શામળાજી ખાતે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.જન્માષ્ટમી માં ભગવાન કાળીયાદેવના દર્શનાર્થે શામળાજી મંદિરમાં સમગ્ર ગુજરાત,રાજસ્થાન,તેમજ અન્ય રાજ્યોમાંથી હજ્જારોની સંખ્યામાં ભાવીભક્તો ઉમટ્યા હતા જન્માષ્ટમી ના ઉત્સવ પ્રસંગે શામળાજી મંદિરમાં દર્શનાર્થનીઓના ભારે ધસારાને ધ્યાને રાખી મંદિરટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં એલ.ઈ.ડી. સ્ક્રીન દ્વારા દર્શનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી મંદિરને કેળ,આસોપાલવ,વાંસના તોરણો તેમજ લાઈટોની રોશનીથી શણગારી શામળાજી ગામમાં આસોપાલવ ના તોરણોબાંધી સમગ્ર શામળાજી માં યુવાનો દ્વારા કૃષ્ણજન્મોત્સવ માટે ૧૦૦ થી વધુ મટકીફોડ કાર્યક્રમો યોજી પરંપરાગત ગીત-સંગીત ના તાલે ઝુમી ઉઠ્યા હતા ભગવાન કાળીયાઠાકોર ની શોભાયાત્રા માં ૫૦૦ કિલો અબીલ-ગુલાલ ની છોડો ઉડતા વાતાવરણ રંગીન બની ગયું હતું. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કેટલાક વિસ્તારો જેવા કે શામળાજી,શામપુર કુંઢેરા મહાદેવ મંદિરે,મોડાસા નજીક સબલપુરગામે પરંપરાગત લોકમેળાઓ ભરાયા હતા. મોડાસાના ઈસ્કોન સંસ્થા ના અનિલ પ્રભુ નિલેશ જોશી સહીત ટ્રસ્ટ અને ભક્તજનો દ્વારા દાડમ,ચીકુ, સફરજન,કેળા ના જ્યુસ,દૂધ,સાકર પંચામૃત થી અભિષેક કરવાની સાથે નંદ લાલાને છપ્પનભોગ ધરાવવામાં આવ્યો હતો રાસલીલા અને કૃષ્ણ નાટ્યમ ભજવાયું હતું મોડાસાના ઓધારી માતાજીના મંદિરે ધામધૂમ પૂર્વક નંદ મહોત્સવ અને મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં મોડાસાના અબાલ,વૃદ્ધ સૌકોઈ ઉપસ્થિત રહ્યા હતા વાંટડા ગામે કુલઝમ ગ્રુપ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો.





## પાલનપુરમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ

### યુવાનો દ્વારા સમગ્ર શહેરમાં મટકી ફોડી આકર્ષણ જમાવ્યું : મોડી રાત્રે શહેરના મોટા રામજી મંદિર અને અન્ય મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવ





પાલનપુર તા. ૨૦

જગતના નાથ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ઉત્સવ આ વર્ષે ૧૯ ૮ ૨૨ શ્રાવણ વદ આઠમના રોજ જન્માષ્ટમી મહોત્સવ સમગ્ર દેશ અને દુનિયાભરમાં ધામધૂમથી ઉજવાયો હતો. પાલનપુરમાં કોરોના કાલના બે વર્ષના અંતરાલ બાદ ભગવાન શ્રીકૃષ્ણની જન્માષ્ટમીની ભવ્ય શોભાયાત્રા શહેરમાં પરિભ્રમણ કર્યું હતું. સમગ્ર શહેરમાં તમામ જાહેર માર્ગો અને જાહેર સર્કલો ઉપર મટકી ફોડ સુંદર કાર્યક્રમ યોજાયા હતા.

શહેરના બ્રિજેશ્વર કોલોની ના મહાદેવના મંદિરેથી ભવ્ય શોભાયાત્રાએ શહેરમાં શુભારંભ કર્યો હતો જે શોભા યાત્રા શહેરના જુદા જુદા માર્ગો પર પરિભ્રમણ કરી મોડી સાંજે નિજ મંદિરે પરત ફરી હતી. શહેરના જાહેર સ્થળો સીમલા ગેટ રેલ્વે સ્ટેશન રોડ કીર્તિસ્તંભ પાતાળેશ્વર મહાદેવ ગુરુનાનક ચોક ગઠામણ દરવાજા દિલ્હી ગેટ ચોક મોટી બજાર કમાલપુરા ચોક વડલી વાળુ પરુ કંથેરીયા હનુમાન રોડ સમગ્ર વિસ્તારોમાં ડીજેના તાલે નાસિક ઢોલ બેન્ડબાજા સાથે ઘોડે સવારો અને યુવાનોએ પિરામિડો રચિ ભારે જોખમી રીતે ખૂબ સંભાળીને લોકો ઠેર ઠેર બાંધેલી માખણની માટલીઓ ફોડી હતી. શહેર પોલીસ ચુસ્ત બંદોબસ્ત શોભાયાત્રા ની સાથે જ રાખવામાં આવ્યો હતો. જય કનૈયા લાલ કી હાથી ઘોડા પાલકી વાતાવરણ ગજવી દીધું હતું. પાલનપુરના પૌરાણિક મોટા રામજી મંદિર અને અન્ય મંદિરોમાં અત્યારે કૃષ્ણ જન્મોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો હતો જેમાં આરતી અને મહાપ્રસાદ ભક્તોને અપાયો હતો.

## 'ઈતિહાસના સૌથી પ્રખર રાજકીય ખિલાડી ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ...જન્માષ્ટમી'

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ..?

બાયડ તા.૨૦

આજે ભારતવર્ષના મહાપુરુષ એટલેકે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો જન્મદિવસ!! આ દિવસની એક જન્માષ્ટમી પર્વ તરીકે ઉજવણી કરવામાં આવે છે. શ્રીકૃષ્ણ એક આધ્યાત્મિકગુરુ તો હતા જ પણ સાથે સાથે સામાજિક, રાજકીય પંડિત પણ એટલાજ હતા... જીવનના તમામ વિષયો શ્રીકૃષ્ણે પચાવ્યા હતા અને એટલેજ તેમને "પૂર્ણ પુરુષોત્તમ" પણ કહેવામાં આવે છે!! જીવનના કોઈપણ વિષયની આંટીઘૂંટી તેઓ ઉકેલી શકતા હતા પરંતુ આ રાજકીય વિષયની કોલમમાં હું તેમની રાજનીતિની વાત કરીશ. રાજકારણ વિષયમાં તેઓ ટોપ ઉપર હતા, તેથીય વધુ કહું તો તેઓ એવું રાજકારણ રમતા કે જનસમુદાય તથા રાષ્ટ્રના હિતમાં રહેલું હોય!! "ધર્મ" એટલે કે સત્યની એરણ ઉપર ઘસાયેલી હોય તેવી રાજનીતિ તેમણે ખૂબ કરેલી છે... એટલે તેઓ રાજકીય ગુરુ પણ છે!!

કૌરવ -પાંડવના રાજકારણમાં તેઓ સદાય પાંડવ પક્ષે રહ્યા કારણ કે પાંડવની નીતિ-રીતિ ધર્મની આસપાસ હતી... તેઓ પ્રજાહિત માટે સત્ય અસત્યની વાત કરતા તે ખૂબ નિરાલી હતી, કેટલીકવાર તેઓ સારા કામ ખાતર અસત્ય પણ બોલેલા છે અને તેમની આવા પ્રસંગોમાં રાજનીતિ છલકાતી હતી....આજની રાજનીતિ પણ નિરાલી છે કે રાજકીય પંડિતો આજે પણ છે અને તેઓ પણ ખેલ કરી રહ્યા છે પણ કૃષ્ણની રાજનીતિ અને આજના કહેવાતા રાજકીય માસ્ટરો વચ્ચે પાતળો ભેદ છે. આજે દેશમાં મોટા મોટા રાજકીય પંડિતો ખૂબ છે અને રાજનીતિ જાણે છે પરંતુ તેઓ પોતાની બુદ્ધિ રાષ્ટ્રહિત માટે નહીં પણ પોતાના ખીસા માટે વાપરી રહ્યા છે. જે રાજકીય પક્ષ મોટી ઓફર કરે તેમને ત્યાં વહેંચાઈ જનારા રાજકીય પંડિતો ગણા બધા છે.... આજના જન્માષ્ટમી પ્રસંગે સૌ રાજકીય પંડિતો એવો નિયમ કે પ્રણ લે કે પોતાની બુદ્ધિ રાષ્ટ્ર માટે સમર્પિત કરે તો આજે પણ ભારત ફરીથી "સોને કી ચીડિયા" બની શકે તેમ છે!!

હું કોઈ વ્યક્તિગત ટિપ્પણી નથી કરતો પરંતુ ટીવી ચેનલ ઉપર અને સોસીયલ મીડિયા ઉપર આપણે અનેક પોલિટિકલ પંડિતોને સિધ્ધાંત વિહોણા પક્ષ માટે રાજનીતિના દાવપેચ રમતા જોઈએ છીએ. 'આ બુદ્ધિશાળી લોકો પોતાની બુદ્ધિનો વેપાર કરે છે અને પક્ષના સિદ્ધાંતને નજરઅંદાઝ કરીને પૈસા લઈને તેમની વ્હારે ચડે છે.' હાલના રાજકીય સમીકરણો બનાવતા પંડિતો જેવા જ માસ્ટર બ્લાસ્ટર રાજકીય પંડિતો શ્રીકૃષ્ણના સમયમાં પણ હતા. શકુની જોડે શુ ઓછી રાજકીય ચાલ કે રમત હતી?? પણ તેમણે સદાય પોતાની બુદ્ધિ રાષ્ટ્રને બરબાદ કરનાર કૌરવ પક્ષ માટે જ વાપરી હતી. એક ચાણક્ય પણ હતા અને રાજકીય રમત કે રાજકીય શતરંજની પોતાની આવડત દેશહિત માટે જ વાપરી હતી... જો આપણે શ્રીકૃષ્ણને માનતા હોઈએ તો શ્રીકૃષ્ણની રાજનીતિ પણ શીખવી જોઈએ અને તેને અનુસરવું જોઈએ. પોતાની બુદ્ધિનું દાન એવા રાજકીય પક્ષના સમર્થનમાં કરવું જોઈએ કે જેમાં રાષ્ટ્રવાદ છલકાતો હોય!!

આજે ભારતમાં રાજકીય નિષ્ણાતોનો તોટો નથી પણ તેઓ પોતાની રાજકીય કુનેહ કે આવડત રાષ્ટ્રહિત માટે નહીં પણ પોતાના ખીસા માટે કરી રહ્યા છે તો તેમને માટે ચાણક્ય શબ્દ વિશેષણ રૂપે શોભતો નથી!! અંગત સ્વાર્થ ખાતર જે તે રાજકીય પક્ષ માટે પોતાની બુદ્ધિ વહેંચતા લોકોને "ચાણક્ય" ના કહેવાય!! તેમને કોઈ ઉપમા આપવી હોય તો તે "શકુનિ" ની જ આપી શકાય... શ્રીકૃષ્ણ જન્મદિવસ ઉપર કમસે કમ વર્તમાન રાજકિય ગુરુઓ જોડેથી એટલી તો અપેક્ષા જરૂર રાખીએ કે તેઓ પોતાની શક્તિનો ઉપયોગ કૃષ્ણ બનીને કરે નહી કે શકુનિ ની ચાલ વાપરીને!! ભારતને "ચાણક્ય" જોઈએ છે પણ દુઃખ એ વાતનું છે કે "શકુનિ" ઓ વધતા જાય છે....?

## મોડાસા થી રણુજા (રામદેવરા) ૮૦૦ કી.મી. ભવ્ય ૩૮ મી પદયાત્રાનું પ્રસ્થાન



મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાની શ્રી રામદેવ મંડળ સેવા સંઘ દ્વારા છેલ્લા ૩૭ વર્ષથી યોજાતી ૮૦૦ કી.મી ની મોડાસા-રામદેવરાની પદયાત્રા નો ૩૮માં વર્ષે જન્માષ્ટમી ના પવિત્ર દિવસે સંતો,મહંતો ના આશીર્વચન સાથે ભવ્ય પદયાત્રાનું ૧૧૧ ફૂટની ધર્મધજા સાથે પ્રસ્થાન કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે જિલ્લાના મોટી સંખ્યામાં રામદેવ ભક્તો, નાગરિકો અને સામાજિક અગ્રણીઓ મોટા સમુદાયમાં ઉપસ્થિત રહી પદયાત્રા સંઘનું વાજતે-ગાજતે,ભજન કીર્તન સાથે પ્રસ્થાનમાં જોડાયા હતા.૧૧૧ ફૂટ ની ધર્મધજા નિહાળવા પ્રજાજનો ઉમટી પડ્યા હતા બ્રહ્મલીન મહંત શ્રી.૧૦૮ ચન્દુનાથજી યોગી પ્રેરિત મોડાસા થી રણુજા ની ૩૮મી ભવ્ય પદયાત્રા મહંત ધર્મેન્દ્રનાથજી મહારાજ અને મહંત જશવંતનાથજી યોગીના સાનિધ્યમાં પ્રસ્થાન કરવામાં આવ્યું હતું ૧૪ દિવસ પછી યાત્રા રામદેવરા પહોંચશે. જન્માષ્ટમીના પાવન પર્વના રોજ મોડાસા થી રણુંજા પ્રસ્થાન થયેલી પદયાત્રામાં મોડાસા ના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, દેવરાજધામ ના મહંત ધનગીરી મહરાજ એ શ્રીફળ આપી શુભેચ્છા પાઠવી હતી. આ પદયાત્રામાં અરવલ્લી જીલ્લાના આજુબાજુના ૬ જીલ્લાના ૧૦૦૦ થી વધુ ભક્તો જોડાઈ ધન્યતા અનુભવે છે મોડાસા થી રામદેવરા સુધી વિશાળ ૧૧૧ ફૂટ ના નેજા ના નિહાળવા લોકોમાં વિશેષ આકર્ષણ કેન્દ્ર બને છે.

## અવસાન નોંધ...



બાયડ : બાયડ તાલુકાના સરસોલી ગામના કાન્તિભાઈ તુલસીભાઈ પટેલ(પૂર્વ ચેરમેન : સરસોલી દૂધ મંડળી)ના પત્નિ અને સુનિલભાઈ કે. પટેલ(આચાર્ય:બાયડ હાઈસ્કુલ), પ્રદીપભાઈ પટેલના માતા ભીખીબેન કાન્તિભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજે તેમના નિવાસસ્થાન સરસોલી, તા.બાયડ ખાતે સવારે ૯-૦૦ થી ૨-૦૦ રાખેલ છે.



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના જગદીશભાઈ નરસિંહભાઈ પટેલ(ચેરમેન : ધી આકરૂન્દ નાગરિક બેન્ક), અશોકભાઈ પટેલ (વડોદરા) અને અનિલભાઈ પટેલ (યુ.એસ.એ.) ના માતા મેનાબેન નરસિંહભાઈ પટેલનું નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજે તેમના નિવાસસ્થાન આકરૂન્દ તા.ધનસુરા ખાતે સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ રાખેલ છે.